

તા. ૦૪/૧૨/૨૦૨૩ થી ૦૮/૧૨/૨૦૨૩ દરમિયાન Functional English Skill-1 અને તા. ૦૯/૧૨/૨૦૨૩ થી ૧૪/૧૨/૨૦૨૩ દરમિયાન Functional English Skill-2










**પ્રા.જીગરકુમાર વી. પરમાર**
**કો.ઓર્ડિનેટર**

ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસીનો હેતુ યુવાનોમાં નવીનત્તમ વિચારોને સમર્થન આપવા માટે એક રાજયવ્યાપી યુનીવર્સીટી આધારિત નવીનતા ઇકો સીસ્ટમ બનાવવાનો છે. વિદ્યાર્થીઓમાં રહેલ સર્જનાત્મક શક્તિનો મહત્તમ ઉપયોગ થાય અને તેમની અંદર રહેલી સુષુપ્ત શક્તિને જાગ્રત કરીને એ શક્તિનો પોતાના વ્યકતિત્વનાં વિકાસ થકી રાજ્ય, દેશના વિકાસમાં યોગદાન આપી રાષ્ટ્રનાં વિકાસમાં સહભાગી બને અને તેમની સર્જનશક્તિને અનુકૂળ વાતાવરણ પ્રદાન કરે તે માટે SSIP કાર્ય કરે છે. વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ, સંશોધન, નવીનત્તમ વિચારોને સાંભળીને તેને હેન્ડ હોલ્ડીંગ દ્વારા માઈન્ડ ટુ માર્કેટમાં સહાયક ભૂમિકા SSIP ભજવે છે. કોલેજ કક્ષાએ આચાર્યશ્રીનાં અધ્યક્ષપણા હેઠળ SSIP સેલની રચના કરવામાં આવી છે જેમાં SSIP કો.ઓડીનેટર, આસી. કો. ઓડીનેટર અને સભ્ય કાર્યચાલક કમિટી કાર્યરત છે. શૈ.વર્ષ:૨૦૨૩-૨૪ દરમિયાન ૧૫ જેટલા વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ દર્શાવતા તેઓ પોતાના પગ પર ઉભા રહી શકે તે માટેના તાલીમી વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું જેની ઝાંખી નીચે મુજબ છે.


**તા.૨૨/૦૨/૨૦૨૪ થી ૨૮/૦૨/૨૦૨૪ સુધી SSIP અને ઇનોવેશન અંતર્ગત સુશોભિત વસ્તુઓ બનાવતા વિદ્યાર્થીઓ**















## ૧૦.૨. વિભાગ અંતર્ગત થયેલ પ્રવૃતિઓનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૩-૨૪

### ૧૦.૨.૧. અંગ્રેજી વિભાગ દ્વારા થયેલ પ્રવૃત્તિ. શૈ.વર્ષ : ૨૦૨૩-૨૪

તા.૦૯/૦૧/૨૦૨૪ને મંગળવારનાં રોજ પ્રવાસી ભારતીય દિવસ નિમિત્તે કોલેજની IQAC,આઈટી સેલ અને અંગ્રેજી વિભાગ અંતર્ગત The NRI Experience વિષય સંદર્ભે સેમિનાર યોજાયો જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વિદેશ પ્રવાસ બાબતે જાગૃતતા આવે વિષય સંદર્ભે યુ.એસ.એનાં એડવોકેટ મિત્સુ ચાવડાએ વિષય અનુસંધાને વ્યાખ્યાન આપતા જણાવ્યું કે વિદેશમાં ફરવા જતી વખતે શિસ્તનું પાલન કરવું આ સિવાય જે તે દેશ પ્રમાણે કઈ કઈ બાબતોની કાળજી રાખવી જો તે ના કરતાં ગુનો બને અને સજાપાત્ર બને આ બધી બાબતો વિસ્તૃત રીતે સરળ ભાષામાં સમજાવી હતી

તા.૦૯/૦૧/૨૦૨૪, વિશ્વ પ્રવાસી ભારતીય દિવસ



## ૧૦.૨.૨. ગુજરાતી વિભાગનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૩-૨૪

પ્રા.ડો.મીનાક્ષીબેન આર. પટેલ
અધ્યક્ષ ગુજરાતી વિભાગ

સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી
મળી માતૃભાષા મને ગુજરાતી

ઉમાશંકર જોશી


ગુજરાતી શબ્દ એ સંસ્કૃત શબ્દ 'ગુર્જર' અને પ્રાકૃત શબ્દ 'ગુજ્જરતા' પરથી ઉતરી આવેલ છે 'ગુજરાત' શબ્દ પરથી વિશેષણ 'ગુજરાતી' બન્યું અને ગુજરાતમાં બોલાતી મુખ્ય ભાષા એટલે ગુજરાતી ભાષા.

દુનિયામાં બોલાતી ભાષાઓની યાદીમાં ગુજરાતી ભાષાનું સ્થાન ૨૪માં ક્રમે આવે છે. ગુજરાતી એ આર્યકુળની ભાષા છે. ભારતનાં બંધારણની કલમ ૮ મુજબ માન્યતા પ્રાપ્ત કરનાર ભાષાઓમાંની એક છે આપણી ગુજરાતી ભાષા. પ્રાચીનકાળમાં ભારતમાં સંસ્કૃત, પ્રાકૃત, તમિલ જેવી ભાષાઓનું ચલણ હતું સમય જતા તેમાંથી અનેક પ્રાદેશિક ભાષાઓનો વિકાસ થયો. સંસ્કૃતમાંથી તેમજ દક્ષિણ ભારતમાં તમિલમાંથી ઘણી ભાષાઓનો જન્મ થયો આઠમી સદીથી પ્રાદેશિક ભાષાઓના વિકાસમાં વેગ આવ્યો. ૧૦ મી અને ૧૧મી સદીમાં સંસ્કૃતમાંથી ઉતરી આવેલા વિવિધ ભાષા સ્વરૂપોમાંથી ગુજરાતી ભાષાના મૂળ નંખાયા તેમ કહી શકાય. અન્ય ભાષાઓની સાથે આપણી ગુજરાતી ભાષા પણ આજ સમયગાળામાં જન્મ પામી, વિકસી અને આજના સ્વરૂપને પામી છે.

આજે ગુજરાતી એક જીવંત અને વ્યાપક પણે બોલાતી ભાષા છે. ગુજરાતમાં અને વિશ્વના વિવિધ ભાગોમાં વસેલા ગુજરાતીઓ એક સમૃદ્ધ સાહિત્યિક અને સાંસ્કૃતિક વારસો ધરાવે છે અનેક કવિઓ અને સાહિત્યકારોની કલમે ગૌરવ પામેલી આપણી ગુજરાતી ભાષા સતત ખીલતી રહી છે, પોતાની આગવી આભા થકી વિશ્વમાં દૈદિપ્યમાન બની છે.

તા.૦૨૪/૦૮/૨૦૨૩ને ગુરૂવારનાં રોજ કોલેજની IQAC કમિટી અને ગુજરાતી વિભાગ અંતર્ગત ગુજરાતી સાહિત્ય ગુર્જર ભૂમિના વિદ્વાન સાહિત્યકાર તેમજ જય જય ગરવી ગુજરાત કૃતિનાં પ્રણેતા, પ્રખર સમાજ સુધારક એવા ગુજરાતી ગદ્યના પિતા વીર નર્મદની ૧૯૦મી  જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે વકતૃત્વ અને PPT કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિશા પટેલે, હેતલ પટેલ, હિરલ પટેલ, પ્રતિક પટેલ અને શ્રેયા રાઠોડે ઉત્સાહથી ભાગ લીધો હતો આ પ્રસંગે ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ.મિનાક્ષીબેન પટેલે પ્રાસંગિક ઉદ્દબોધન આપતા વિદ્યાર્થીઓને જણાવ્યું કે મધ્યકાલીન સમયે સમાજમાં જે સામાજિક કુરિવાજો, અસ્પૃશ્યતા અને ધર્મમાં જે બદીઓ હતી તેને દૂર કરવાનો ભગીરથ પ્રયાસ કરી ગુજરાતની પ્રજાને સાહિત્યના માધ્યમથી  જાગૃત કરવાનું બીડું ઝડપ્યું હતું. જેમના ઋણને આજે પણ આપણે ભૂલી શકીયે એમ નથી

## તા.૦૨૪/૦૮/૨૦૨૩ને ગુરૂવાર, વીર નર્મદની ૧૯૦મી જન્મ જયંતીની ઉજવણી









તા.૦૨૮/૦૮/૨૦૨૩ને સોમવારનાં રોજ કોલેજની IQAC કમિટી અને ગુજરાતીવિભાગ અને જ્ઞાનધારા અંતર્ગત ગુજરાતી સાહિત્યનું અનમોલ રતન, સોરઠી સાહિત્યકાર તેમજ કસુંબીનો રંગ કાવ્યનાં પ્રણેતા અને લોક સાહિત્યકાર સૌરાષ્ટ્રનાં સિંહ એવા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૭મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા વકતવ્ય, ગીત, કાવ્યપઠન અને PPT કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચૈતાલી પટેલ, રીયા પટેલ, દર્શના પટેલ અને પ્રિયંકા પટેલે ઝૂલણ મોરલી વાગી રે ગીત રજૂ કર્યું હતું તેમજ ભોયા હેતલ અને રાઠોડ શ્રેયાએ લોક સાહિત્યકાર મેઘાણી, પટેલ નૈનેશે સમગ્રલક્ષી મેઘાણી, જાગૃત્તિ પટેલે મેઘાણીનું જીવન અને કવન, રવિના રાઠોડે નવલકથા, રીયા પટેલે છેલ્લી પ્રાર્થના ઉપરાંત રિયંક પટેલ, મિતેશ પટેલ, રૂતિકા પટેલ અને સુનિલ પટેલે PPT પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. આ પ્રસંગે આચાર્ય ડૉ.એસ.એમ.પટેલે પ્રાસંગિક ઉદ્દબોધન આપતા વિદ્યાર્થીઓને જણાવ્યું કે પોતાને પહાડી બાળક ગણાવનાર ઝવેરચંદ મેઘાણીએ પોતાનું બાળપણ, પિતાની નોકરી, પોતાનું ભણતર અને વ્યવસાય, વતન પ્રેમનાં આકર્ષણે એક લોક ઉત્તમ સાહિત્યકારનું સર્જન કર્યું  ગ્રંથપાલ વિષ્ણુભાઈ પઢીયારે બીક કોની માં તને? કાવ્યપઠન કર્યું હતું એ કાવ્યની પ્રા.જીગરકુમાર વી.પરમારે પોતાની સરળ ભાષામાં વિદ્યાર્થીઓને સમજૂતી આપી હતી. ગુજરાતી વિભાગના પ્રા.જમનાબેન પટેલે મેઘાણીનું લોકસાહિત્યના ક્ષેત્રે મૂલ્યવાન પ્રદાન અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ.મિનાક્ષીબેન પટેલે લોકસાહિત્ય, લોકમાનસ અને લોકજીવનની સમગ્ર એકાગ્ર ચિત્તે જે ભક્તિ કરી તેવા મેઘાણીનો જોટો માત્ર ગુજરાતમાં કે ભારતમાં  જ નહિ સમગ્ર વિશ્વમાં પણ જડે એવો નથી એમ કહ્યું

તા.૦૨૮/૦૮/૨૦૨૩ને સોમવાર, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૭મી જન્મ જયંતીની ઉજવણી




## ૧૦.૨.૩. હિન્દી વિભાગનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૩-૨૪

પ્રા.ડૉ.મનિષાબેન આર. જોગીયા,
અધ્યક્ષ હિન્દી વિભાગ

હિન્દુસ્તાન ભારતવર્ષ ભાષાઓનો દેશ છે, ભારતીય સંવિધાન માં ૨૨ ભાષાઓ છે, પરંતુ ભારતની રાજભાષા નાં રૂપમાં હિન્દી એ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ભાષા ભારતના અનેક પ્રાંતો ની માતૃભાષા પણ છે. હિન્દી એક વ્યવહારિક ભાષા છે. આ ભાષા ની વિશેષતા એ છે કે તેને અન્ય ભાષાનાં શબ્દ ગ્રહણ કરવામાં કોઈસંકોચ રાખ્યો નથી. હિન્દી ભાષામાં જે લખાય છે, તે જ વંચાય છે. જેની લિપિ દેવનાગરી છે.આ ભાષા માત્ર રાજભાષા જ નહી, પરંતુ આપની સંસ્કૃતિ નું માધ્યમ પણ છે.

ભારતીય બંધારણ માં અનુચ્છેદ ૩૪૩ થી ૩૫૧ માં રાજભાષા સંબંધી વ્યવસ્થા છે. ૧૪ સપ્ટેમ્બર પ્રતિ વર્ષ હિન્દી દિવસ રૂપે ઉજવવામા આવે છે. હિન્દી ભાષા ની લિપી દેવનાગરી છે , જે વૈજ્ઞાનિક લિપી છે. હિન્દી એક વ્યવહારિક ભાષા છે અને એશિયાની પ્રતિનિધિ ભાષા છે. આ રાજભાષા સમસ્ત ભારતમાં આર્થિક , ધાર્મિક અને રાજનીતિક સંપર્ક માધ્યમના રૂપમાં સક્ષમ છે. સૂર , તુલસી, કબીર અને મીરાં ની આ ભાષા છે. દુનિયાની આ લોકપ્રિય ભાષા માં લોકો પોતાની ભાવનાઓ અને વિચારો ને ઉત્તમ રીતે વ્યક્ત કરી શકે છે.

हिंदी में ही प्रेमचंद , दिनकर, पंत, निराला
हिंदी में ही बच्चन की मधुशाला है ।
हिंदी में ही बिहारी, भूषण, रैदास ।
हिंदी है गागर में सागर ।

વિદ્યાર્થીઓ આ દેવનાગરી લિપિ ની ભાષાને સમજે ,આત્મસાત કરે તે માટે ૩૧ જુલાઈ મુનશી પ્રેમચંદ જન્મદિવસ , ૧૪ સપ્ટેમ્બર હિન્દી દિવસ  તેમજ ૧૦ જાન્યુઆરી વિશ્વ હિંદી દિવસ તરીકે કોલેજમાં ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. આ ઉજવણી પાછળનો ઉદ્દેશ્ય હિંદી ભાષા નો ઉત્કર્ષ તેમજ વિકાસ છે. આપ જોઈ શકો છો. ઉપન્યાસ સમ્રાટ પ્રેમચન્દજી ની જન્મજયંતી નો માહોલ પ્રસ્તુત તસવીર બતાવે છે.

## ઉપન્યાસ સમ્રાટ પ્રેમચન્દજીની જન્મજયંતી






## ૧૪ સપ્ટેમ્બર હિંદી દિવસ મહોત્સવની ઉજવણી

